# સલાલ ખેતી વાડીવાડી બજાર સમિતિમાં ડાંગર ટેકાના ભાવે લેવામાં આવતાં ખેડુતોમાં ખુશી

## તમામ પ્રકારની ડાંગર ખરીદી કરવામાં આવતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ





પ્રાંતિજ, તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાનાં સલાલ ખાતે આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજારસમિતિ માં ડાંગર ટેકાના ભાવે લેવામાં આવતાં પ્રાંતિજ સહિત પંથકના ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મલ્યો હતો.

સરકાર દ્વારા સલાલ એ.પી.એમ. સી ખાતે ટેકાના ભાવે તમામ પ્રકારની ડાંગરની ખરીદી કરવામાં ડાંગર ભરેલ ટેકટરો ની લાંબી -લાંબી કતારો જોવાં મળી હતી અને પ્રાંતિજ સહિત તાલુકામાં ડાંગરની ખેતી કરતાં ખેડૂતોમાં ખુશીની લહેર જોવાં મળી હતી જયારે સલાલ માર્કેટયાર્ડ ખાતે પુરવઠા અધિકારી પુરોહિત માર્કેટયાર્ડના ચેરમેન ભોગીભાઇ પટેલ, સેક્રેટરી ચંદુભાઇ પટેલ તથા સ્ટાફ હાજર રહી ડાંગરની ખરીદી કરવામાં ચાલું કરવામાં આવતાં હાર્વેસ્ટર મશીનથી કાંપની કરવામાં આવેલ ડાંગરનો પણ ૨૯૪ ટેકાના ભાવે ખરીદી કરતાં ખેડૂતોની ડાંગર વેચવામાં માટે લાંબી લાઈન લાગી હતી જયારે ખેડૂતોએ ૭/૧૨નો ઉતરો અને ઉતારામાં સાથે જેમાં ડાંગરના વાવેતર નો ઉલ્લેખ હોવાનું જરૂરી તથા બેન્ક પાસબુકની ઝેરોક્ષ તેમજ વેરીફીકેશન માટે અસલ નકલ લાવવાની.

જયારે પુરવઠા અધિકારી પુરોહિતના જણાવ્યા મુજબ સરકારના ધારા ધોરણ મુજબ ડાંગર હશે તો ડાંગર ખરીદી ૩૧ ડીસેમ્બર સુધી કરવામાં આવશે જયારે ૧૭% ભેજનું પ્રમાણ કાપવામાં આવશે ત્યારે હાલતો હાર્વેસ્ટર મશીન સહિતની કાંપણી કરેલ ડાંગર ખરીદી કરવામાં આવતાં ખેડૂતોમાં ખુશીની લીલાં લેહર જોવામળી રહી છે.

# અરવલ્લી જિલ્લાના ભાજપાના અગ્રણીઓ દ્વારા રજૂઆત કરાઈ

## મોડાસા અને બાયડમાં ગુરૂવારથી ટેકાના ભાવે મગફળી ખરીદવા કેન્દ્ર શરૂ કરાશે : ભૂમિપુત્રોમાં આનંદ છવાયો



મોડાસા, તા. ૮

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ૫૮ કેન્દ્રો પર શનિવારથી મગફળી રૂ. ૮૪૪ ટેકાના ભાવે ખરીદવાની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ અરવલ્લી જિલ્લાને એક પણ ખરીદ કેન્દ્ર નહી ફળવાતા ખેડૂતોમાં રોષ ફેલાયો હતો. સોમવારે ભાજપાના અગ્રણીઓ શંકરભાઈ ચૌધરીને મળી ટેકાના ભાવે મગફળી ખરીદી કેન્દ્ર શરૂ કરવા યોગ્ય રજૂઆત કરાતા જિલ્લાના મોડાસા અને બાયડ ખાતે ટેકાના ભાવે મગફળી ખરીદવા માટેના કેન્દ્રો ગુરૂવારથી શરૂ કરવામાં આવશે. જિલ્લાના મોડાસા અને બાયડ ખાતે ટેકાના ભાવે મગફળી ખરીદવાના કેન્દ્રો શરૂ થવાના હોવાથી ખેડૂતોમાં આનંદ છવાયો હતો.

અરવલ્લી જિલ્લામાં વિપુલ માત્રામાં ચાલુ સાલે ખેડૂતોએ ૪૧૦૨૩ હેક્ટરમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યુ હતુ. મગફળીના ઉત્પાદન સમયે મગફળીના ભાવ નીચા જતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો હતો અને પાણીના ભાવે મગફળીનો પાક વેચવાની નોબત આવી હતી. ત્યારે રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ૮૪૪ રૂ.ના ટેકાના ભાવે ૫૮ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતા. ૫૮ કેન્દ્રોમાં અરવલ્લી જિલ્લામાં એક પણ ખરીદી કેન્દ્ર નહી અપાતા ખેડૂતોમાં ભારે આક્રોશ ફેલાયો હતો. જિલ્લામાં કેન્દ્રની શરૂઆત કરવામાં નહિ આવે તો ભૂમિપુત્રો અને કિશાન સંઘ દ્વારા આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી દ્વારા કિસાનોના હિતમાં મગફળી ખરીદ કેન્દ્રમાં ટેકાના ભાવે ખરીદી કેન્દ્રો શરૂ કરવા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની અને કેન્દ્ર નહી ફળવાય તો ઉગ્ર લડત આપવાની ચીમકી ઉચ્ચારી હતી. ત્યારે અરવલ્લી જિલ્લા ભાજપા દ્વારા સોમવારે ગાંધીનગર ખાતે સોમવારે બપોરના સમયે અરવલ્લી જિલ્લા ભાજપા મહામંત્રી શામળભાઈ પટેલ, જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસ પટેલ, ઉપાધ્યક્ષ ભીખાજી ડામોર સહિતના આગેવાનો રાજ્યના કૃષિમંત્રી ચીમનભાઈ સાપરિયા અને પ્રભારી મંત્રી શંકરભાઈ ચૌધરીને મળી ટેકાના ભાવે મગફળી ખરીદવા કેન્દ્ર શરૂ કરવા યોગ્ય રજૂઆત કરાતા ગુરૂવારથી જિલ્લાના મુખ્ય મથકે મોડાસા અને બાયડ ખાતે મગફળી કેન્દ્રો મંજુર કરાતા ખેડૂતોમાં હર્ષની લાગણી વ્યાપી ગઈ હતી. મોડાસા અને બાયડમાં ટેકાના ભાવે ખરીદીના કેન્દ્રો શરૂ કરવા તૈયારીઓ આરંભી દેવામાં આવી હતી.

# ખેલમહાકુંભમાં તાલુકા કક્ષાની વિજેતા હોકી ટીમનું કસ્બા જમાત દ્વારા સન્માન



હિંમતનગર, તા. ૮

અશરફનગર કસ્બા જમાત દ્વારા ખેલમહાકુંભમાં તાલુકા કક્ષાની હોકી ટુર્નામેન્ટમાં વિજેતા બનેલ અશરફી હોકી ટીમનું કસ્બા જમાત દ્વારા સન્માન કરવામાં આવ્યુ.

ગુજરાત સરકાર દ્વારા આયોજીત ખેલ મહાકુંભમાં તાલુકા કક્ષાની હોકી ટુર્નામેન્ટમાં વિજેતા બનેલી અશરફી હોકી ટીમનું કસ્બા જમાત દ્વારા હોકી ટીમના ખેલાડીઓ તથા ટીમના કોચ રૂઆબશા સાંઈનું મેડલ તથા સન્માનપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

ખેલ મહાકુંભમાં તાલુકા કક્ષાની કુલ ચાર ટીમોએ ભાગ લીધો હતો. જેની ફાઈનલ મેચમાં આર્ટસ એન્ડ કોમર્સની ટીમ સામે અશરફી હોકી ટીમનો ૪-૩ થી વિજય મેળવી તાલુકા કક્ષાએ ચેમ્પિયન બની હતી. વિજેતાટીમ આગામી દિવસોમાં જિલ્લાકક્ષાની ટુર્નામેન્ટ રાજકોટ ખાતે રમવા જશે. ત્યારે ખેલાડીઓને પ્રોત્સાહન પુરૂ પાડવા કસ્બા જમાત દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતું.

કસ્બા જમાત દ્વારા યોજાયેલ આ સન્માન સમારંભના કાર્યક્રમમાં કસ્બા જમાતના પ્રમુખ કાલુમીયા શેખ, ઉપપ્રમુખ મહેમુદ કાદરી, ઈમ્તીયાજ પઠાણ, સીરાજમીયાં શેખ, લીયાકત શેખ, તહેવાર કમીટીના ચેરમેન સિકંદરખાન પઠાણ, કોર્પોરેટર રઈશાબાનુ પઠાણ, અમૃત પુરોહીત, જુબેદાબેન પઠાણ, યુસુબભાઈ બરવા કસ્બા જમાતના સદસ્યો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# વડનગરના આંગણે શર્મિષ્ઠા તળાવ ખાતે હાર્મોનિયમ વગાડી ગ્રીનીસ વિશ્વ રેકર્ડ બુકમાં નામ નોંધાશે

મહેસાણા, તા.૮

વડનગરના આંગણે ૯ અને ૧૦ નવેમ્બરના રોજ તાના-રીરી મહોત્સવ યોજાઇ રહ્યો છે. ૧૦ નવેમ્બરના રોજ વડનગર શર્મિષ્ઠા તળાવ ખાતે ૫૦૦ થી વધુ સંગીત તજજ્ઞો, વિદ્યાર્થીઓ અને વડીલો હાર્મોનિયમ પર રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીત રજુ કરનાર છે. શર્મિષ્ઠા તળાવ ખાતે એકી સાથે ૫૦૦ થી વધુ લોકો હાર્મોનિયમ વગાડી વિશ્વ રેકોર્ડ નોંધાવનાર છે.

આસિટન્ટ કલેકટર અરૂણ મહેશ બાબુ આ સમગ્ર કાર્યક્રમનું મોનીટરીંગ કરી રહ્યા છે. આસીટન્ટ કલેકટર અરૂણ મહેશબાબુની અધ્યક્ષતામાં આ કાર્યક્રમની પુર્વ તૈયારી અંગેની સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જેમાં વિવિધ વિભાગોની કરવાની થતી કામગીરીની સમીક્ષા કરી હતી. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતીનભાઇ પટેલ, ભારત સરકારના રાજ્યકક્ષાના પ્રવાસન મંત્રી ડો. મહેશ શર્મા, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો સ્વતંત્ર હવાલો ધરાવતા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી સહિત મહાનુંભાવો ઉપસ્થિત રહેનાર છે.

આસિટન્ટ કલેકટર અરૂણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે ગ્રીનીસ બુક ઓફ વિશ્વ રેકોર્ડમાં ૧૫૦ લોકોએ હાર્મિનયમ વગાડી રેકોર્ડ નોંધાયો હતો જે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ૫૦૦ થી પણ વધુ વિદ્યાર્થીઓ, સંગીત તજજ્ઞો અને વડીલો દ્વારા હાર્મોનિયમ પર રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીત વગાડી આ રેકોર્ડ નોંધાવાના છે. આ રેકોર્ડ માટે લંડનથી ગ્રીનીસ બુકના અધિકારી ઉપસ્થિત રહેનાર છે.



## ડીસામાં જલારામ જયંતિની ઉજવણી

ડીસા શહેરમાં જલારામ બાપાની જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શહેરના હાઈવે રોડ પર આવેલ જલારામ બાપાના મંદિરે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા અને શહેરમાં જલારામ બાપાની શોભાયાત્રા નિકળી હતી. જેમાં ઠક્કર સમાજના ભાઈ-બહેનો જોડાયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે જલારામ યુવક મેડમ સહિત સમાજના અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી.

# આજે વડનગર ખાતે તાના-રીરી મહોત્સવનો પ્રારંભ

મહેસાણા, તા.૮

મહેસાણા જિલ્લાના વડનગર ખાતે બુધવાર અને ગુરૂવારના રોજ સાંજે ૭-૩૦ કલાકે તાના-રીરી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવનો પ્રારંભ આજે બુધવારે ૯ નવેમ્બરના રોજ સાંજે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઇ પટેલ કરાવનાર છે. તાના-રીરી મહોત્સવમાં બીજા દિવસે રાજ્યના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, ભારત સરકારના પ્રવાસન મંત્રી ડો.મહેશ શર્મા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે.

૯ નવેમ્બર બુધવારના રોજ તાના-રીરી મહોત્સવનો પ્રારંભ રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઇ પટેલ કરનાર છે. આ દિવસે નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે સાંજે ૬-૪૫ મિનિટે સ્માર્ટ આંગણવાડી તેમજ સ્માર્ટ પોલીસ સ્ટેશનનું લોકાર્પણ કરાશે. તાના-રીરી ગાર્ડન ખાતે પ્રદર્શન ગેલેરી લોકોને નિહાળવા માટે ખુલ્લી મુકાશે.આ દિવસે કથ્થક નૃત્યાંગના નલીની-કમીલીની મહોત્સવનો પ્રારંભ કરાવશે. આ ઉપરાંત સુશ્રી પંચમધારી દ્વારા ગાયન, સુશ્રી કલા રામનાથ દ્વારા વાયોલીન વાદન અને સુશ્રી અમી પરીખ દ્વારા ગાયન રજુ કરાશે. આ દિવસે જિલ્લાના પ્રભારી મંત્રી દિલીપકુમાર ઠાકોર, યુવક અને સેવા સાંસ્કૃતિક પ્રવૃતિઓનો સ્વતંત્ર હવાલો ધરાવતા મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી ઉપસ્થિત રહેનાર છે.

૧૦ નવેમ્બરના રોજ તાના-રીરી સંગીત સન્માન એવોર્ડમાં રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી ઉપસ્થિત રહેનાર છે. આ દિવસે સાંજે ૫-૪૫ કલાકે મહાનુભાવો સાથે પુરાતત્વ વિભાગની ઉત્ખનન સાઇટની મુલાકાત તથા ભુમિપૂજનમાં ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ૫૦૦ જેટલા સંગીત તજજ્ઞો, વિદ્યાર્થીઓ દ્વારા હાર્મોનિમય પર રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીત રજુ કરી ગ્રીનીસ બુક ઓફ વિશ્વ રેકોર્ડમાં નામ નોંધવાનું છે તેમાં ઉપસ્થિત રહેનાર છે. આ સિવાય હાટકેશ્વર મંદિર ખાતે દર્શન અને અતિથિગૃહનું લોકાર્પણ કરાશે. આ દિવસે સાંજે ૭-૩૦ કલાકે તાના-રીરી ગાર્ડન ખાતે તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ અર્પણ કરશે.

આ દિવસે સુશ્રી ડો.લલીતા રાવ બેંગ્લોર અને સુશ્રી મંજુબહેન મહેતાને તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ અપાશે. આ ઉપરાંત મહેસાણા જિલ્લાને ઓ.ડી.એફ ડિકલેરશન સંદર્ભે સ્વચ્છતા એવોર્ડ અર્પણ, ગ્રીનીસ બુક, લીમકા બુક રેકોર્ડ અર્પણ સહિત **Pledge cvc** પ્રમાણપત્ર એનાયત કરાશે. તાના-રીરી મહોત્સવના સફર અંગે ડોક્યુમેન્ટરી વિડીયોનું નિર્દશન કરાશે.

આ દિવસે પદ્મ વિભૂષણ સંગીત માર્તન્ડ પંડિત જશરાજજી ગાયન રજુ કરશે. આ ઉપરાતં સુશ્રી વિદૂષી મંજુબહેન મહેતા સિતારવાદન, ડો.લલીતા રાવ દ્વારા ગાયન, સુશ્રી કિર્તીબેન સહાય દ્વારા ગાયન, શ્રીમતી ચિત્રાંગના આગલે ઈન્દોર દ્વારા પખવાજ વાદન અને શ્રીમતી મંજરી અસનાર કેલકર દ્વારા ગાયન રજુ કરાશે.

# માલગઢ ગામે પાણીની ટાંકીમાંથી વૃદ્ધાનો મૃતદેહ મળતાં ચકચાર...



ડીસા, તા.૮

ડીસા તાલુકાના માલગઢ ગામે ૭૨ કલાકથી ગૂમ વૃદ્ધાનો રવિવારે બપોરે પાણીની ટાંકીમાંથી મૃતદેહ મળતા અનેક તર્ક-વિતર્ક થયા છે. ડીસા તાલુકા પોલીસે લાશનો કબજો મેળવી સિવિલમાં પીએમની કાર્યવાહી હાથ ધરી છે. ડીસા તાલુકાના માલગઢ કુદાવાળી ઢાંણીમાં રહેતા ગોમતીબેન નેમાજી માળી છેલ્લા ત્રણ દિવસથી ગુમ થયા હતા. જે બાદ તેમના પરિવારજનો આ ગુમ મહિલાની શોધખોળમાં જોડાયા હતા.

વૃદ્ધા પોતાના નાના દીકરા હરેશ નેમાજી માળી સાથે રહેતી હતી. આ વૃદ્ધા પોતાના નાના દીકરા હરેશ નેમાજી માળી સાથે રહેતી હતી. જ્યાં રવિવારે બપોરે ઘરમાં બનાવેલ પાણીની ટાંકીમાંથી આ વૃદ્ધાની લાશ મળી આવી હતી. જોકે લાશની સ્થિતિ જોતા તે ફૂગાયેલ નહતી. પ્રાથમિક રીતે જો લાશ ત્રણ દિવસ સુધી પાણીમાં રહી હોય તો તે ફોગાયેલી હાલતમાં હોઈ ? જોકે મળેલી લાશ તાજી જ પાણીમાંથી બહાર કઢાઈ હોઈ આ મોત શંકાસ્પદ બન્યું હતું.

ટાંકીમાંથી લાશ બહાર કાઢી તેને ડીસાની સરકારી હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડી. આ અંગે ડીસા તાલુકા પોલીસ મથકે જાણ કરાતાં પોલીસે પાણીની ટાંકીમાંથી લાશ બહાર કાઢી તેને ડીસાની સરકારી હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડી હતી. જોકે આ હત્યા, આત્મહત્યા કે અકસ્માત છે તેનું કારણ પીએમ બાદ જ જાણી શકાય તેમ હોઈ પોલીસે અકસ્માતે મોત ની નોધ લઈ તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજ ટોલનાકા પાસે બાઈક અને એક્ટિવા ટકરાતાં બેને ઈજા

પ્રાંતિજ તા. ૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ કતપુર ટોલનાકા પાસે રાત્રીના સમયે એકટીવા અને બાઈક વચ્ચે સામસામે અકસ્માત થતાં બન્નેને ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં.

મળતી માહિતી મુજબ અમદાવાદ- હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કતપુર ટોલનાકા પાસે એકટીવા અને બાઈક વચ્ચે સામ સામે ધડાકા સાથે અકસ્માત થતાં બન્ને ને શરીરે ગંભીર ઈજાઓ પહોચી હતી જેમાં બાઈક ચાલક રાવળ અરૂણભાઈ જેહાભાઈ ઉ.વર્ષ- ૧૮ રહે. રાવળ વાસ પ્રાંતિજને માથાનાભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ થઇ હતી જયારે એકટીવા ચાલક પટેલ ગોવિદભાઈ મોહનભાઈ ઉ.વર્ષ- ૪૨ રહે. અનવપુરા તેવોને પણ માથાનાભાગે જીવલેણ ગંભીર ઈજા ઓ પહોંચતા બન્ને ને ૧૦૮ મારફતે પહેલાં પ્રાંતિજ આરોગ્ય કેન્દ્ર માં લાવવામાં આવ્યાં હતાં જયાં હાજર તબીબી ડાૅ. પ્રણામી દ્વારા પ્રાથમિક સારવાર આપ્યાં બાદ બન્ને ને વધું સારવાર અર્થે ગાંધીનગર ખાતે ખસેડવામાં આવ્યાં હતાં.

# સ્નેહમિલન કાર્યક્રમ સીનિયર સિટિઝન્સ ક્લબ દ્વારા તલોદમાં યોજાયો

તલોદ, તા. ૮

સાબરકાંઠા જિલ્લામાં પ્રગતિકારક સીનિયર સિટિઝન ક્લબ તલોદ દ્વારા સાંસ્કૃતિક હોલમાં નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ તલોદના આગેવાન કનુભાઈ ચુનીભાઈ પટેલ તેમજ ભૂતપૂર્વ પ્રિન્સિપાલ રતિલાલ પટેલના અધ્યક્ષસ્થાને સિનિયર સિટિઝન ક્લબના ભાઈઓ અને બહેનોની હાજરીમાં યોજાયો હતો. સ્નેહમિલન નિમિત્તે ગીતાંજલી ટ્રસ્ટ તલોદ તરફથી સૌને ભોજન આપવામાં આવ્યું હતું.

ક્લબના મંત્રી ચેલાભાઈ પટેલે ક્લબ વતીથી સૌને સુખ, શાંતી, સમૃદ્ધિ અને સ્વાસ્થ્યપદ પ્રગતિકારક નીવડે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

આ સમયે ક્લબના ઉપપ્રમુખ રતિભાઈ પટેલ, પ્રમુખ લાલજીભાઈ વાછાણી, પોપટભાઈ પટેલ, મંગળદાસ રાવલ, વિઠ્ઠલભાઈ નાયકે સૌને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે અનેક ક્લબના આગેવાનો તેમજ પધારેલા વિકાસ મીલના માલિક અનિલભાઈ, જૈન સમાજના અગ્રણ્ય બીપીનભાઈ શાહ વિગેરે હાજર રહી શુભેચ્છા વ્યકત કરી હતી. આ કાર્યક્રમ રવિવારે યોજાયો હતો.

# અરવલ્લી સહિત છ જિલ્લામાં આત્મજાગૃતિ શિબિર યોજાઈ





મોડાસા તા.૮

અરવલ્લી જિલ્લામાં મોડાસાના ટીટોઈ ગામે પાંચ દિવસીય આત્મ જાગૃતિ શિબિરનું આજે સમાપન થયું હતું.જાગણી આ અભિયાન પરિવાર દ્વારા પંચ દિવસીય આ ભ્રહ્મજ્ઞાન શિબિરમાં અરવલ્લી-સાબરકાંઠા ઉપરાંત વડોદરા,દાહોદ,મહીસાગર સહિતના ૬ જિલ્લાઓના

૨૫ થી વધુ તાલુકાઓના ૧૦૦થી ગામોમાંથી સુંદર સાથ ભાઈબહેનોએ ભાગ લઈ બ્રહ્મમુનિઓના મુખેથી તારતમવાણીનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

આજે યોજાયેલા સમાપન પ્રસંગે સાબરકાંઠા જિલ્લા સહકારી બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલે ઉપસ્થિત રહીને બ્રહ્મમુનિઓનું શાલથી સન્માન કરી આશિષ મેળવ્યા હતા.આ પ્રસંગે જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભી, મહામંત્રી શામળભાઈ પટેલ,જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ,અતુલભાઈ પટેલનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.જયારે આ પાંચ દિવસીય શિબિરને સફળ બનાવવા ટીટોઈ જાગણી પરિવારના આયોજકો દલાભાઈ પ્રણામી,જયંતિભાઈ મોરી,કાચરભાઈ ડી.સોલંકી,કનુભાઈ મોરી,નૈનેશભાઈ વગેરેએ અથાગ પરિશ્રમ કર્યો હતો.

ટીટોઈના આંગણે યોજાયેલ આ શિબિરમાં ટીટોઈ અને આસપાસના વંદિયોલ,કુશકી, સરડોઇ,દાવલી, શામપુર, ભેટાલી, વણઝર, બામણવાડ, દધાલીયા, વરથુ, કુંડોલ, ઉપરાંત મોડાસા સહિતના બંને જિલ્લાના તાલુકામાંથી પણ ૬૧ થી વધુ ગામોના સુંદર સાથ ભાઈ બહેનોએ ભાગ લઈ પાંચ દિવસ સુધી બ્રહ્મજ્ઞાન તારતમવાણીનો લ્હાવો લીધો હતો.આયોજકોએ જગ્યા આપનાર અને આયોજનમાં ખડેપગે સેવા આપનાર સહુનો આભાર માન્યો હતો.


# પાલનપુરના જગાણા ગામે યુવતીની છેડતી મુદ્દે એકની હત્યા-એકને ઈજા

પાલનપુર, તા.૮

પાલનપુર તાલુકાના જગાણા ગામે યુવતીની છેડતી મામલે એક યુવકનું મોત નીપજ્યું છે, તેમજ એક ને ગંભીર ઈજા પહોંચતા તેને પાલનપુર સિવિલ માં સારવાર અર્થે ખસેડાયા છે...

સમગ્ર વિગત મુજબ પાલનપુર તાલુકાના જગાણા ગામે રહેતા એક રહેતા એક જાણ્યા યુવકે ગામની યુવતીની છેડતી કરી હતી, યુવતીના ભાઈ રવિ તેમજ તેના પિતા અમૃતભાઈ પટણી એ યુવક ને ઠપકો આપવા જતાં યુવકે આવેશ માં આવી છરી વડે યુવકના ભાઈ અને પિતા પાર ઘાતકી હુમલો કર્યો હતો, જેના લીધે રવિભાઈ પટણી નું ઘટના સ્થળે જ કરુણ મોટ નીપજ્યું હતું

તેમજ તેના પિતા અમૃતભાઈ પટણી ને પેટ ના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેમને પાલનપુર માં



સારવાર અર્થે ખસેડ્યા હતા,ઘટના ના પગલે સિવિલમાં પરિવારજનો આક્રોશ અને આક્રંદ કરતા જોવા મળ્યા હતા,સમગ્ર મામલે પોલીસે ઘટના સ્થળે તપાસ શરૂ કરી છે.